# S.U.G. College of Education, Vasna, Ahmedabad

Semester-1

EPC-2

Art in Education

શિક્ષણમાં કલા

Dr. Darshana M. Patel



નૃત્ય
Dance

# નૃત્ય

- નૃત્યકલા એ 64 કલાઓમાંની એક કલા  છે .
- શારીરિક ગતિ દ્વારા ઉત્પન્ન સુંદર અભિવ્યક્તિને નૃત્ય કહે છે .
- શારીરિક ગતિ હાથ ,પગ ,આંખ અને આખા શરીરની હોય શકે છે .
- નૃત્યની વિવિધ મુદ્રા દ્વારા વિવિધ ભાવ જેવાકે, ક્રોધનો ભાવ, ઉલ્લાસનો ભાવ, કરુણાનો ભાવ પ્રગટ થાય છે .
- વ્યક્તિ નૃત્ય દ્વારા પોતાના મનોભાવોને વ્યક્ત કરે છે .
- નૃત્યમાં શરીરની ગતિ વિશિષ્ટ હોય છે .
- આ ગતિમાં સંગીતની જેમ તાલ હોય છે .
- વિશ્વના તમામ દેશોમાં નૃત્ય જોવા મળે છે .
- નૃત્ય એ કળા છે જેમાં તાલ ,માપ અનુસાર હાવભાવ સહિત  અંગક્રિયા કરવામાં આવે છે .
- આમ, શરીરના માધ્યમ દ્વારા સુંદર ભાવ અભિવ્યક્તિ એટલે નૃત્ય .
- નૃત્ય એ શરીર અને આત્માની છુપાયેલી ભાષા છે .

# નૃત્યના પ્રકાર :

- પરંપરાગત નૃત્યો
- લોકનૃત્યો
- પ્રાદેશિક નૃત્યો
- આધુનિક નૃત્યો

- **પરંપરાગત નૃત્યો (શાસ્ત્રીય નૃત્યો):**
- આ નૃત્ય પ્રશિક્ષણ પામેલા નર્તકો દ્વારા ભજવવામાં આવે છે .જેમાં નિશ્ચિત તાલ, પદવિન્યાસ (સ્ટેપ્સ )મુદ્રાઓ અને હાવભાવ જેવી બાબતોનો સમાવેશ થાય છે .

# નાટ્યશાસ્ત્રની સંકલ્પનાઓને આધારે ભારતીય શાસ્ત્રીય નૃત્યોના મુખ્યત્વે આઠ પ્રકારો છે .
# 1 .ભરતનાટ્યમ(તમિલનાડુ ):



- ભરતમુનિએ આપેલ નાટ્યશાસ્ત્રના નિયમોને અનુસરે છે.
- નૃત્યના મહત્વના અંગોની ઘનિષ્ઠ તાલીમ પછી જ નૃત્યની જાહેરમાં રજૂઆત માટે પરવાનગી મળે .
- ગુરુ પરંપરાથી આ નૃત્યશૈલી શીખવવામાં આવે છે .

# 2 .કથ્થક (ઉત્તરપ્રદેશ):



- વ્રજભૂમિમાં પૌરાણિક કથાઓના નર્તનની રજૂઆત કથક નૃત્યમાં પરિણમી .
- રાજાના દરબારોમાં ખાસ પ્રસંગોએ નૃત્યાંગનાઓ આ નર્તન કરતી .
- લખનૌ ઘરાના અને જયપુર ઘરાનામાં પરંપરાગત કથક નૃત્ય શીખવવામાં આવે છે .
- પદ્ધતિસરની તાલીમ આપીને નૃત્યકારોને પ્રશિક્ષિત કરવામાં આવે છે .

# 3 .મણિપુરી(મણિપુર ):



- મણિપુરી નૃત્ય લાસ્ય પ્રકારનું છે .
- આ નૃત્ય પરંપરાગત પહેરવેશ, તાલવાદ્યો,ગીત અને ગતિ દ્વારા અલગ તરી આવે છે .
- આ નૃત્ય પણ પરંપરાગત રીતે શીખવવામાં આવે છે .

# 4 .કથકલી( કેરલા):



- આ નૃત્ય કેરલની ઓળખ  છે .
- આ નૃત્ય દ્વારા રામાયણ અને મહાભારતની કથાને ગેય સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે .
- વિશિષ્ટ પ્રકારનો પહેરવેશ ,મેકઅપ અને પદવિન્યાસથી આ નૃત્ય અલગ તરી આવે છે .
- ચહેરાનો વિશાલ ઓપ ,મુગટ વગેરે પારંપરિક  અને નયનરમ્ય હોય છે .

# 5 .ઓડિસી (ઓરિસ્સા):



- જગન્નાથજીના મંદિરમાં દેવદાસીઓ દ્વારા આ નૃત્ય રજૂ કરવામાં આવે છે .
- આ નૃત્યમાં જગન્નાથના પૂજન અને અર્ચન કરવામાં આવે છે .
- નૃત્યનું પ્રશિક્ષણ આપ્યા બાદ આ નૃત્ય કરવામાં આવે છે .

# 6 . કૂચીપુડી (આંધ્રપ્રદેશ):



- કૂચીપુડી(કુચેલાપૂરી ) ગામમાંથી આ નૃત્ય પરંપરા  શરૂ થઇ હોવાથી કૂચીપુડી નૃત્ય તરીકે ઓળખાય છે .
- નૃત્યનું પ્રશિક્ષણ આપ્યા બાદ આ નૃત્ય કરવામાં આવે છે .
- કૃષ્ણલીલાઓનું વર્ણન રજૂ કરવા માટે કૂચીપુડીમાં અનેક નૃત્યગીતોનું સર્જન થયું છે .
- આ નૃત્યમાં લાસ્યપૂર્ણ ગતિ અને પદવિન્યાસ મહત્વના છે .

# 7 . મોહિનીઅટ્ટમ (કેરલા):




- આ નૃત્યમાં ભરતનાટ્યમ અને કથકલીની હસ્તમુદ્રાઓનો સમન્વય કરવામાં આવ્યો છે .
- આ વિશેષ લાવણ્યમય નૃત્યશૈલી છે .
- આ નૃત્યમાં ચેનડા ,મંડલમ અને એનતાલમ જેવા વાદ્યોનો ઉપયોગ થાય છે.
- કેરલની દેવદાસી પ્રથામાંથી આ નૃત્ય પરંપરાની તાલીમ આપવાનું શરૂ થયું હતું .

# ૪ .સત્ત્રિયા (આસામ):



- આ નૃત્ય ભારતીય નાટ્યશાસ્ત્રની પારંપરિક  નૃત્ય તાલીમ દ્વારા રજૂ થાય છે .
- તેમાં વાયોલિન ,મંજીરા અને ખોલ જેવા વાદ્યોનો ઉપયોગ થાય છે .
- આ નૃત્ય સત્ત્ર નામના મઠમાં રજૂ કરવામાં આવતું હોવાથી સત્ત્રિયા નૃત્ય તરીકે ઓળખાય છે .

# ભારતીય લોકનૃત્યો :

- વિશિષ્ટ પરંપરાઓ
- ઋતુકાલીન ઉત્સવો
- સામાજિક પ્રસંગો અને
- ધાર્મિક ક્રિયાકાંડો

સમયે કરવામાં આવે છે .

જેમાંનાં કેટલાંક નીચે મુજબ છે .

# ગુજરાત



- ગરબા
- રાસ
- પઢાર નૃત્ય
- ડાંગી નૃત્ય
- મેર નૃત્ય
- હમચી
- હીંચ
- જાગ નૃત્ય
- રૂમાલ નૃત્ય
- સિદીઓનું ધમાલ નૃત્ય
- ટિપ્પણી નૃત્ય

# ઘુમર નૃત્ય



- ઉત્તર પ્રદેશ - કજરી ,હરકાબોલ ,આહીર નૃત્ય વગેરે
- હિમાચલ પ્રદેશ - બનજારા ,હીકાટ વગેરે
- રાજસ્થાન - ઘુમર ,તેરાતાલી

# ભાંગડા નૃત્ય



- અસમ - બિહુ વગેરે
- બંગાળ - જાત્રા ,કાઠી નૃત્ય ,કીર્તન ,બાઉલ વગેરે
- કાશ્મીર - રોફ ,ધુમલ
- પંજાબ - ભાંગડા ,ઝુમર વગેરે

# લાવણી નૃત્ય



- મહારાષ્ટ્ર - લાવણી , કોળી નૃત્ય
- મણિપુર - કબુઇ , ઢોલ ચોલમ
- બિહાર - સંથાલ , છાઉ
- મધ્ય પ્રદેશ - મારીયા ,જવેરા

# ડોલ્લુ કુનિથા :



- તમિલનાડુ -કરગમ, કુમ્મી, પૂવી અટ્ટમ
- કેરલ - કોલકલી , વેલકલી
- આન્ધ્રપ્રદેશ -ટપ્પુ વાદ્યમ, બાથકમ્મા
- કર્નાટક - યક્ષગાનમ, ડોલ્લુ કુનિથા , કોલાટા

“કલામાં મનુષ્યો પોતાના ભાવો પ્રગટ કરે છે.”

-રવીન્દ્રનાથ ટાગોર


Happy
Navratri